## – ઃ આંક – ૧ તળેનો હુકમ ઃ –

સાંભળ્યા, અરજી વંચાણે લીધી. અરજદાર દ્વારા એ હકીકત જાહેર કરવામાં આવેલ છે કે તેમને સને – ૨૦૧૮ ની સાલમાં હાર્ટ એટેક આવેલ છે. નામદાર કોર્ટના તા. ૧૭/૦૯/૨૦૧૯ ના હુકમમાં નામદાર કોર્ટ દ્વારા એ હકીકત જણાવવામાં આવેલ છે કે છેલ્લા ૧૭ મહિનાથી વાદી કે તેમના વિદ્વાન વકીલશ્રી કોર્ટમાં હાજર રહેલ નથી. જે બાબતને અરજદારે હાલની અરજીમાં સમર્થન કરી જણાવેલ છે કે દાવાની મુદતોની તેમને જાણ હતી પરંતુ તા. ૧૩/૦૮/૨૦૧૯ અને તા. ૧૭/૦૯/૨૦૨૧ ના રોજના કોઇ મેડીકલ પ્રમાણપત્રોમાં એ હકીકત દર્શાવેલ નથી કે તેઓને હાર્ટ એટેક આવેલ હોય અને અરજદાર ઇન્ડોર પેશન્ટ તરીકે હોસ્પિટલમાં દાખલ હોય. અરજદારના વિદ્વાન વકીલશ્રીએ જ્યારે મુદતની જાણ પક્ષકારોને કરેલ હોય તેવા સંજોગોમાં વિદ્વાન વકીલશ્રી હાલના દાવાના કામે હાજર રહેલા નથી. પરંતુ પક્ષકારની બિમારીને ધ્યાને લેતા તેમજ મહામારીના સમયગાળાને ધ્યાને લેતા પક્ષકારોના હિતને નુકસાન ન થાય તે ધ્યાને લઇને રૂ. ૫૦૦/– ડી.એલ.એસ.એ. માં જમા કરાવ્યેથી સ્પે.દિ.મુ. નં. ૯/૨૦૧૬ આથી રીસ્ટોર કરવાનો હુકમ કરવામાં આવે છે. હાલની અરજી કેંસલ કરી રજીસ્ટ્રીએ દાવો રીસ્ટોર કરી અત્રેની અદાલતને રીપોર્ટ કરવો.

સ્થળ. ઉના
તા. ૧૯/૦૬/૨૦૨૬

(ભાર્ગવ વસંતકુમાર વ્યાસ)
એડીશ્નલ સિનિયર સિવિલ જજ
ઉના. કોડ નંબર–GJ–01100